Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 7, Issue 1, March 2021

# કનૈયાલાલ માણેકલાલ મુનશીનાં નાટકો: એક અભ્યાસ

**ડૉ. મિનેશકુમાર ભારુભાઈ ડામોર**

**આસીસ્ટન્ટ પ્રોફેસર**

**શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ.**

ભારતીય વિદ્યાભવનના સંસ્થાપક , ગુર્જર ધરા - અસ્મિતાના ગાયક , ભારતીય સંસ્કૃતિના સંવાહક , પ્રખર ધારાશાસ્ત્રી , કુશળ મુત્સદી , સ્વાતંત્ર્ય અને સ્વતંત્ર્યોત્તર કાળના સાક્ષી , ભારતીય બંધારણના ઘડવૈયા કનૈયાલાલ મુનશીનો જન્મ ભાર્ગવકુળમાં ૩૦મી ડિસેમ્બર , ૧૮૮૭ના રોજ થયો હતો. પિતા માણેકલાલ અને માતા તાપીબાઈ. વતન ભરૂચ. માતૃ - પિતૃસંસ્કારો ઉપરાંત પૌરાણિક કથાઓ , રામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિંદ, સ્વામી વિવેકાનંદ , દાદાભાઈ નવરોજી , ગાંધીજી, સરદાર વલ્લભભાઇ ઈત્યાદિના પ્રભાવથી તેમનું વ્યકતિત્વ ઘડાય છે. મુનશીના માનસ પર ફ્રેંચ સાહિત્યકારોની અસર પણ ઝીલાય છે . પિતાની ચીર વિદાય પછી તેઓ દારુણ ગરીબીમાં દ્રઢતાથી આગળ વધે છે.

આમ પરિસ્થિતિથી પક્વ બનેલા મુનશી ઈ .સ. ૧૯૧૨ માં ‘ઘનશ્યામ વ્યાસ ’ તખલ્લુસથી સાહિત્ય જગતમાં પદાર્પણ કરે છે . સૌપ્રથમ ‘મારી કમલા ’ નામક વાર્તા ‘સ્ત્રીબોધ’ માં પ્રગટ થાય છે . ને સતત છ દાયકા સુધી તેમની કલમ વિહરે છે . આવી સુદીર્ઘ સાહિત્યિક કારકિર્દી ગુજરાતી સાહિત્યનું યશસ્વી પ્રકરણ છે. વાવાશેઠનું સ્વાતંત્ર્ય ’ (૧૯૨૧), ‘પુરંદર પરાજય ’ (૧૯૨૨), ‘અવિભક્ત આત્મા ’ (૧૯૨૩), ‘બે ખરાબ જણ ’ ( ૧૯૨૪), ‘ તર્પણ’ ( ૧૯૨૪), ‘ આજ્ઞાંકિત’ ( ૧૯૨૭), ‘ કાકાની શશી ’ ( ૧૯૨૮), ‘પુત્ર સમોવડી ’ ( ૧૯૨૯), ‘ ધ્રુવસ્વામિનીદેવી’ ( ૧૯૨૯), ‘ બ્રહ્મચર્યાશ્રમ’ ( ૧૯૩૧), ‘ પીડાગ્રસ્ત પ્રોફેસર’ (૧૯૩૩), ‘લોપામુદ્રા’ ભાગ. ૨-૩-૪ (૧૯૩૩-૩૪), ‘ડૉ. મધુરિકા’ (૧૯૩૬), ‘છીએ તે જ ઠીક’ (૧૯૪૮), ‘વાહ રે મેં વાહ !’ (૧૯૪૯)જેવાં નાટકો મુનશી પાસેથી મળે છે . કવિતા સિવાય બધાં જ સાહિત્ય સ્વરૂપો તેમણે ખેડ્યા છે. જેમ કે નવલકથા, નવલિકા, નાટક, જીવનચરિત્ર, આત્મચરિત્ર, પ્રવાસ

વગેરે. તેમાં વિશેષ સફળતા નવલકથા અને નાટકમાં સાંપડે છે . મુનશીની પ્રતિભા જ સમર્થ નાટ્યકારની છે જે તેમની નવલકથાઓમાં પ્રતીત થાય છે . 'પૃથિવીવલ્લભ' જેવી નવલકથાનું સહેલાઈથી નાટકમાં રૂપાંતર થઇ શક્યું છે. તેમની નવલકથાઓના પ્રમુખ લક્ષણો નાટ્યાત્મક સંવાદો, સંઘર્ષ નવલકથામાં નાટકનું દર્શન કરાવે છે. જન્મજાત નાટ્યસર્જકની પ્રતિભા ધરાવતા મુનશીએ નાટક અને રંગભૂમિ ક્ષેત્રે પદાર્પણ કર્યું તે પહેલા ધંધાદારી નાટકોનો એક પ્રવાહ વહી રહ્યો હતો . તેમાં ઉપદેશ સીધો આવતો . હાસ્ય ખાતર હાસ્ય ઊભું કરવા ગૌણ કથા સાંકળવામાં આવતી. ચંદ્રવદન અને મુનશીએ તે સમયે પા પા પગલી કરતી બિનધંધાદારી ગુજરાતી નાટક મંડળીઓ માટે ઉત્કૃષ્ટ કૃતિઓ આપવા માંડી. મુનશીના સામાજિક નાટકો કોલેજિયનોને એટલાં પ્રિય થઇ પડ્યાં કે ૧૯૩૧ થી ૧૯૪૦ સુધીનું એકે વર્ષ એવું નહિ હોય કે જયારે તેમનું કોઈ ને કોઈ નાટક કોલેજમાં ભજવાયું ન હોય. તેમનાં નાટકોમાં આવતાં સચોટ સંવાદો ને વિવિધ ગુણ સ્વભાવવાળા પાત્રો ઉપરાંત તેમાં જોવા મળતો સ્ત્રી – પુરુષોનો મુક્ત વિહાર અને રૂઢિભંગ કરવાનો પ્રગલ્ભ ઉત્સાહ જુવાન વર્ગને ખૂબ પ્રિય થઇ પડ્યો હતો . પછી તો તેમણે લઘુ નવલ 'સ્નેહસંભ્રમ' નું નાટ્ય રૂપાંતર 'પીડાગ્રસ્ત પ્રોફેસર' નામે કર્યું. આ નાટકને મુંબઈ અને અમદાવાદની અવૈતનિક મંડળોએ ભજવ્યું પણ ખરું . આવું જ પછીના દાયકાઓમાં 'છીએ તે જ ઠીક ' અને 'ડૉ. મધુરિકા' વિશે બન્યું.

મુનશીએ પૌરાણિક, ઐતિહાસિકને સામાજિક નાટકો આપ્યાં છે . ' ધ્રુવસ્વામિનીદેવી' એ મુનશીનું એકમાત્ર ઐતિહાસિક નાટક છે . ઐતિહાસિક નવલકથાકાર તરીકે સુકીર્તિ પ્રાપ્ત કરનાર મુનશીએ નાટ્યક્ષેત્રે ઐતિહાસિક કૃતિઓ વિશેષ આપી નથી . વિશાખદત્ત વિરચિત 'મુદ્રારાક્ષસ' નાટકનું વસ્તુ લઇ મુનશીએ 'ધ્રુવસ્વામિનીદેવી' નાટક સર્જ્યું છે. સમુદ્રગુપ્તનો મોટો પુત્ર રામગુપ્ત પામર, અધમ, સ્વાર્થાંધ અને કાયર છે. તેની પત્ની ધ્રુવસ્વામિનીને પોતાના દિયર શૂરવીર ચંદ્રગુપ્ત (વિક્રમાદિત્ય) પ્રત્યે વિરોચિત સહજ આકર્ષણ હોય છે. ચંદ્રગુપ્ત અને ધ્રુવસ્વામિની વચ્ચેનો પ્રણય એ ઇતિહાસનું નહિ બલકે મુનશીની કલ્પનાનું સર્જન છે . રામગુપ્તનું કાયરપણું, ચંદ્રગુપ્તની ગાંડા માનવી તરીકેની ભૂમિકા, ચંદ્રગુપ્ત અને ધ્રુવસ્વામિની વચ્ચે નિરુપાયેલું તીવ્ર મનોમંથન, ચંદ્રગુપ્તના હાથે રામગુપ્તનું ખૂન વગેરે ઘટનાઓ નાટકના કથાનકને સુગ્રંથિત રાખે છે અને નાટકને આસ્વાદ્ય બનાવે છે . ચંદ્રગુપ્તનો મનોસંઘર્ષ આખા નાટકને પકડી રાખે છે . આ નાટક રચના અને અભિનયક્ષમતાની દ્રષ્ટિએ સરસ નિરૂપણ પામ્યું છે.

મુનશીનાં સામાજિક નાટકો બહુધા તેમના સામાજિક નિરીક્ષણ અને વિચારણામાંથી પ્રગટ થયા છે . આ નાટકો પ્રહસનરૂપ છે. રૂઢિભંજક મુનશીની સુધારકતા સામાજિક નાટકોમાં રૂઢિચુસ્ત સમાજ પર કટાક્ષ અને વક્રોક્તિ દ્વારા પ્રહાર કરે છે. શ્રીમંત સમાજનાં દંભ અને અભિમાન પર ફટકો લગાવીને તેમની પોકળતા અતિ હાસ્યાસ્પદ સ્વરૂપમાં ખુલ્લી કરે છે. સામાજિક નાટકોમાં અતિશયોક્તિભર્યા ઠઠ્ઠાચિત્રો છે. રમૂજી પરિસ્થિતિ ઊભી કરીને પાત્રો, પ્રસંગો ને ભાવનાઓ વચ્ચે કુદરતી સંઘર્ષ ઊભો કરવાની કળા લેખકને હસ્તગત છે . 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' નાટકમાં શેઠાણી શાસિત ઘરમાં બાપડા વાવાશેઠ ચિત્ર પ્રગટે છે . તેમણે પોતાના પુત્ર સાથે મળીને શેઠાણીને

ઠેકાણે પાડવા રચેલું કાવતરું આ નાટકની સામગ્રી છે . 'બે ખરાબ જણ' પણ પ્રહસન છે. નાટકની નાયિકા રંભા છે. તેને બળજબરીથી પરણાવી દેવામાં આવે છે . નાયક મોહન મેડિકો રંભાને સહાય કરવા પ્રયત્નો કરે છે તેમાંથી સરજાતી હાસ્યોત્પાદક કથાવસ્તુ છે . 'આજ્ઞાંકિત' એ પ્રહસન નથી તેમાં રંભાની જેમ બળવો છે . અહીં એક પુરુષની પાશવતા અને બીજાની નિર્બળતાથી અકળાઈને બધાં બંધનો ફગાવીને વિફરતી નાયિકાનું ચિત્ર રજુ થાય છે.

મુનશીના સામાજિક નાટકોમાં 'કાકાની શશી' અગ્ર સ્થાન ભોગવે છે. આ એક સુખાંત નાટક છે. તેમાં હાસ્ય સારા પ્રમાણમાં છે પણ ફાર્સનું તત્વ નથી. એકંદરે ગંભીરતાથી રચાયેલી કૃતિ છે; તેને પ્રહસન કહી શકાય. લગ્નનો પ્રશ્ન નાટકના કેન્દ્રસ્થાને છે. 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' એ પુસ્તકમાં મુનશીએઆ નાટકના મૂળ સ્તોત્રની વાત કરી છે. પોતે પંચગીનીમાં રહેતા તે બંગલાના માળી અને તેની પત્નીની કથા પરથી મેં 'કાકાની શશી' નાટક ઉપજાવી કાઢ્યું - એમ જણાવ્યું છે. જોકે મૂળ કથાનું આખું માળખું બદલ્યું છે. કાકાને તથા શશીને જુદી જ આર્થિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક ભૂમિકા આપી છે . માત્ર લગ્ન નહિ સ્ત્રીપુરુષ સંબંધ , સ્ત્રીઓની સ્વતંત્રતા, પુરુષોની સ્ત્રીઓ પ્રત્યેની દ્રષ્ટિ , સ્ત્રીઓની લોલુપતા તેમજ નિર્બળતા વગેરેને મુનશીએ ગૂંથવા પ્રયત્ન કર્યો છે . તેમાં સ્ત્રીસ્વાતંત્ર્યની સમસ્યા ઉડીને આંખે વળગે છે . નાટકના પ્રારંભે જ પુરુષવિરોધી સ્ત્રીમંડળ મળ્યું છે . શશી અને તેની સખીઓ સ્ત્રીસ્વાતંત્ર્યની હિમાયત કરતી હોય છે ત્યાં મનહરલાલ પીરોજા , વિધુમુખી આદિનું વર્તન હાસ્ય જન્માવે છે. આ હાસ્ય અર્થહીન નથી. સ્ત્રીસ્વાતંત્ર્યના દંભ પાછળ પુરુષોતરફનું આકર્ષણ જ તેઓ દર્શાવે છે. નાટકના અંતે શશી પોતાના પાલક પિતા - કાકા મનહરલાલ શેઠ સાથે લગ્નસંબંધથી જોડાય છે. કેટલાકને આ અંત અણધાર્યો, આકસ્મિક અને અજુગતો લાગે છે. પરંતુ મુનશીએ આ માટે નાટકના અઢી અંક સુધી ભૂમિકા રચી આપી છે. કવિ બેરિસ્ટરને માસ્તર સાથેના મૈત્રી સંબંધથી શશીની આંખ ઊઘડી ગઈ છે. જૂહુના કિનારે થયેલા અનુભવોએ તેના વિચારો પલટી નાખ્યા છે . શશી કહે છે કે : 'આજે બે કલાકમાં મને બધું ભાન આવ્યું છે.' આ રીતે વિચારતાં શશીનું કાકા સાથે લગ્નસંબંધથી જોડાવું ઉચિત લાગે છે . સ્ત્રીસ્વાતંત્ર્યની આધુનિક ઘેલછામાંથી જ શશી લગ્નવિરોધી બની છે. પરંતુ ખરેખર તે રુદયથી લગ્નસંબંધ બાંધવા ઝંખે જ છે. પ્રૌઢ વયના, દુનિયાના જાણતલ કાકાને શશીના રુદય પરિવર્તનમાં સચ્ચાઈને નિષ્ઠાનો રણકો સંભળાય છે . તેથી જ કાકા શશીનો સ્વીકાર કરે છે . રંગભૂમિની દ્રષ્ટિએ આ નાટક સફળ નીવડી છે . પણ વાસ્તવિકતા લાવવા જતાં એમાં સુરુચિને આઘાત લાગે અને ક્યાંક કયાંક તો કૃતક નિરૂપણ થયું છે. નાટ્યાત્મક પ્રસંગો તથા ચિંતનની પડછે પડછે વહેતો હાસ્યરસ નાટકને એક નવી જ કક્ષામાં મૂકી દે છે . 'કાકાની શશી' પરંપરાગત વ્યવસાયી રંગભૂમિ અને સાહિત્યિક નાટક વચ્ચે સેતુરૂપ છે , તો પરંપરાગત અને અર્વાચીન નાટક વચ્ચેની પણ એ કડી છે .' એવું પ્રા. વિનોદ અદ્વર્યુંનું મંતવ્ય યથાર્થ છે.

' બ્રહ્મચર્યાશ્રમ' માં ગાંધીજીના અનુયાયી થઇ , બ્રહ્મચર્યના આદર્શોની વાતો કરતા આડંબરી આશ્રમવાસીઓની ઠેકડી છે . ગાંધીયુગ અને ગાંધીભક્તિના પરમોત્કર્ષ કાળે ગાંધીવાદીઓની ઠેકડી ઉડવાનું

સાહસ મુનશી જ કરી શકે. 'ડૉ. મધુરિકા' કુશળ સર્જન મધુરિકા અને તેના પતિ બેરિસ્ટર નરેન્દ્રના કથાનકને લઈને, સ્ત્રીની સહજ સ્વભાવ વિરુદ્ધની અર્વાચીનતા, મુક્તતા વગેરે ખ્યાલ રજૂ કરતુ નાટક છે. 'છીએ તે જ ઠીક' પ્રહસનનાટક છે. તેમાં સ્ત્રી - પુરુષના આત્માની પરસ્પર અદલાબદલીથી ઉપસ્થિત થતી વિલક્ષણ અને હાસ્યપ્રેરક નિરૂપણ છે. આત્માની અદલાબદલીથી બાહ્યસ્વરૂપે યથાવત તત્વત : પરિવર્તિત થઇ જતા નાયક – નાયિકાને કારણે અભિનયની ઉત્તમ તક ઊભી થાય છે.

મુનશીએ અનેક ક્ષ ચિત્રો સર્જ્યા છે. પછી પોતાની જ મજાક કરીને તેમનામાં રહેલી મુક્ત હાસ્યવૃત્તિ અને ખેલદિલીનો પરિચય 'વાહ રે મૈં વાહ' માં કરાવ્યો છે. આ નાટકમાં પોતાની જ કૃતિઓના, પોતે જ સર્જેલા પાત્રો અને પોતાના પાત્રસૃષ્ટિ પોતાને જ કેન્દ્રમાં મૂકીને આ પ્રકારનું પ્રહસન રચ્યું છે. 'સ્નેહસંભ્રમ' અથવા 'પીડાગ્રસ્ત પ્રોફેસર' મૂળ વારતારૂપે રચાયેલી આ કૃતિને મુનશીએ નાટકમાં રૂપાંતર કર્યું છે. પારસી બોલીનો પ્રયોગ નાટકમાં હાસ્ય છલકાવવા કારણભૂત બને છે.

મુનશીના સામાજિક નાટકોને સમગ્રરૂપે અવલોકતા જણાશે કે લગ્ન અને સ્ત્રી–પુરુષ સંબંધ લગભગ સઘળી કૃતિઓમાં વિષય તરીકે નિરૂપણ પામે છે. તેમના નાટકોમાં પુરુષસમોવડી થવા મથતી સ્ત્રીઓ, સ્ત્રીસ્વાતંત્ર્ય, સામાજિક રૂઢિજડતા ઈત્યાદિ સુપેરે પ્રગટે છે.

તેમનાં પૌરાણિક નાટકોમાં પૌરાણિક કથાવસ્તુના માળખામાં રહીને અર્વાચીન ભાવનાઓ રજૂ થઈ છે. પૌરાણિક વાતાવરણ જાળવવાની મુનશીએ લગભગ કાળજી રાખી છે, છતાં એમાં આધુનિકતા સાંપ્રત કે સમકાલીન વાસ્તવિકતાનો સ્પર્શ કઠે છે. તે સમયની ભાવનાઓને અતિક્રમી નારીસ્વાતંત્ર્ય, અહિંસા નિરુપવા જતાં મુનશી કાલવ્યુત્ક્રમનો દોષ વહોરી લે છે. તેમના આ નાટકોનું વસ્તુ મહાભારત પુરાણ માંથી લીધું છે.

' પુરંદર પરાજય' ત્રિઅંકી નાટકમાં સ્ત્રીની પવિત્રતા, સ્ત્રીનું પતિવ્રત્ય એની પોતાની ઈચ્છાને આધીન છે. પુરુષે બળાત્કારથી પળાવેલું પતિવ્રત્ય કશા કામનું નથી. સ્ત્રીપુરુષની પવિત્રતા ઉપર અને પતિપત્નીની અભિન્નતા ઉપર શક્તિ અને સંસ્કારોની શુદ્ધિનો આધાર છે એ વાત સાચી, પણ સ્વેચ્છાથી સેવાય એ જ સાચી પવિત્રતા. શ્રી મુનશી સુકન્યા પાસે બોલાવડાવે છે કે :

" વિદ્વન્ત, એ અભિન્નતા તમારે સાચવવાની નથી. મારે–અમારે સ્ત્રીઓએ સાચવવાની છે. એ અભિન્તામાં જ આર્યોની શક્તિ ને ગર્વ સમાયા છે. તેમના પર તેમના સંસારના સાતત્યનો પાયો રચાયો છે."

– આખું નાટક આ ભાવનાને ખીલવવા જાણે રચાયું હોય એમ લાગે છે. એક તરફ દયાપાત્ર સ્થિતિમાં પડેલો વૃદ્ધ પતિ અને બીજી તરફ સુકન્યાનું ફાટફાટ થતું યૌવન અને દેવોમાં પણ પરમ રૂપવાન અશ્વિનોનું આકર્ષણ, છતાં સુઉકાન્ય વૃધ્ધ ચ્યવનને વળગી રહે છે. પ્રસ્તુત નાટકમાં સુકન્યામાં પુરુષસહજ આકર્ષણ અંતઃકરણની નબળાઈ પ્રગટ કરે છે. પરંતુ નાત્યંતે સુકન્યા જેવી શ્રેષ્ઠ આર્યાએ વાસનાઓને વશવર્તી પતિવ્રત્યભાવનાની મુર્તિમંત કરી આપે છે.

' અવિભક્ત આત્મા ' ચાર અંકના નાટકમાં સ્ત્રીપુરુષના લગ્નસ્નેહનું , એ સ્નેહથી પ્રગટેલા અદ્વૈતના મહત્વનું ગાન ગાવામાં આવ્યું છે . ગમે તેવા મહાપદ કરતાં , સપ્તર્ષિપદ કરતાં પણ , લહણસ્નેહનુંબે ભિન્ન જીવાત્માઓના અદ્વૈતનું મૂલ્ય વધારે છે . એઅદ્વૈત જ સ્ત્રીપુરુષને ઊંચા પદને યોગ્ય બનાવે છે એ ભાવનાને 'અવિભક્ત આત્મા ' માં શ્રી મુનશીએ વ્યક્ત કરી છે . વસિષ્ઠ અને અરુંધતી બંને સપ્તર્ષિપદ માટે તપશ્ચર્યા કરે છે. તપની સિદ્ધિના લોભથી અરુંધતી વસિષ્ઠને અતિ પ્રિય સમાગમ છોડી દે છે . વસિષ્ઠ દાંપત્યની સિદ્ધિ આગળ આર્યોના પરમ વાંછનીય સપ્તર્ષિપદને પણ તુચ્છ ગણે છે . અને ક્રતુના શાપને વહોરી લે છે . છેવટે વસિષ્ઠ અને અરુંધતી પરને છે ને પોતાના બેના અવિભક્ત આત્માનું દર્શન કરે છે . ' તર્પણ' કૃતિમાં આર્યાવર્તનું પુનઃસ્થાપનમાટે મુનશી હિંસા સવીકારે છે . સ્વાતંત્ર્યકાળના જહાળવાદીઓનો પડઘો સ્પષ્ટપણે અહીં ઘોષિત થાય છીએ. ' પુત્રસમોવડી' માં 'તર્પણ' ની માફક દેશભક્તિ અને સ્વતંત્રતાની ભાવના પ્રધાન છે.

ક. મા. મુનશીના નાટકોનું સમગ્ર રીતે અવલોકન કરતાં સ્પષ્ટપણે કેટલીક બાબતો ઉડીને આંખે વળગે છે. જેમ કે ધસમસતો કાર્યવેગ , ચોટદાર સંવાદો, તીવ્રમનોમંથન, સંઘર્ષ, જીવંત પાત્રસૃષ્ટિ વગેરે . પોતાની આગવી પ્રતિભાથી મુનશીએ ગુજરાતી નાટકને એક નવી દિશા આપી છે . ને ગુજરાતી રંગભૂમિને એકાદ ડગલું આગળ ધપાવવાનું કાર્ય કર્યું છે.